RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 327* Date: 17.09.2023,Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# કોરોના કરતા પણ ખતરનાક છે નિપાહ વાયરસ, કેરળમાં ૪ એક્ટિવ કેસ, કર્ણાટક-તમિલનાડુ અને રાજસ્થાનમાં એલર્ટ



## કેરળમાં ૧૦૦૮ લોકો નિપાહ સંક્રમિત લોકોના સંપર્કમાં આવ્યા:આમાં ૩૨૭ આરોગ્ય કર્મચારીઓનો સમાવેશ

કોઝિકોડ,તા.૧૬

કેરળના કોઝિકોડમાં નિપાહ વાયરસનો છઠ્ઠો કેસ મળ્યા બાદ તમામ શાળાઓ, કોલેજો અને ટ્યુશન સેન્ટરોને ૨૪ સપ્ટેમ્બર સુધી બંધ રાખવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. અહીંની શૈક્ષણિક સંસ્થાઓ ૧૪ સપ્ટેમ્બરથી બંધ છે. બીજી તરફ, નિપાહ વાયરસથી સંક્રમિત લોકોના સંપર્કમાં આવેલા લોકોની સંખ્યા વધીને ૧૦૦૮ થઈ ગઈ છે.

કેરળના આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જે કહ્યું કે આમાંથી ૩૨૭ આરોગ્ય કર્મચારીઓ છે. કોઝિકોડ જિલ્લાની બહાર ૨૯ લોકો સંક્રમિતના સંપર્કમાં આવ્યા છે. કોન્ટેક્ટ ટ્રેસિંગમાં મલપ્પુરમના ૨૨, વાયનાડમાંથી ૧ અને કન્નુર-ત્રિસુર જિલ્લામાંથી ૩-૩ લોકોની ઓળખ થઈ છે.

સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે આ આંકડો હજુ વધી શકે છે. કોઝિકોડમાં નિપાહ વાયરસના કારણે પ્રથમ મૃત્યુ ૩૦ ઓગસ્ટે અને બીજું ૧૧ સપ્ટેમ્બરના રોજ થયું હતું. ૩૦ ઓગસ્ટે મૃતકના અંતિમ સંસ્કારમાં ૧૭ લોકો સામેલ થયા હતા. આ તમામને આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

કેરળના આરોગ્ય વિભાગે શુક્રવારે પુષ્ટિ કરી કે કોઝિકોડમાં એક વ્યક્તિ (૩૯) નિપાહ વાયરસથી સંક્રમિત થયો છે. આ સાથે કોઝિકોડમાં નિપાહ વાયરસના ચાર સક્રિય કેસ નોંધાયા છે. જેમાં ૯ વર્ષના બાળકની હાલત ગંભીર છે. તેને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો છે.ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના ડીજી રાજીવ બહલે શુક્રવારે જણાવ્યું હતું કે નિપાહ વાયરસના કારણે મૃત્યુદર ૪૦-૭૦% છે. આ કોરોના વાયરસના કારણે મૃત્યુ દર કરતા ઘણો વધારે છે. કોરોનાથી મૃત્યુદર ૨-૩% છે.

આઈસીએમઆરએ કહ્યું કે કેરળમાં નિપાહ વાયરસના ફેલાવાનું કારણ સ્પષ્ટ નથી. જો કે, ઉચ્ચ મૃત્યુદરને ધ્યાનમાં રાખીને આઈસીએમઆરએ સાવચેતી રાખવાની અપીલ કરી છે. કેરળના લોકોને સામાજિક અંતરનું પાલન કરવા, માસ્ક પહેરવા અને ચામાચીડિયાના સંપર્કમાં આવતા કાચા ખોરાકથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છઆરોગ્ય કર્મચારીઓની ટીમે દર્દીના ઘર અને આસપાસના વિસ્તારમાંથી ક્લિનિકલ સેમ્પલ એકત્ર કર્યા હતા.આઈસીએમઆરએ કહ્યું કે ભારતે નિપાહ વાયરસની સારવાર માટે ઓસ્ટ્રેલિયા પાસેથી મોનોક્લોનલ એન્ટિબોડીઝના ૨૦ વધુ ડોઝ મંગાવ્યા છે. અત્યારે માત્ર ૧૦ ડોઝ છે.જ્યારે આપણા શરીરમાં હાજર એન્ટિબોડીઝ પ્રયોગશાળામાં બનાવવામાં આવે છે, ત્યારે તેને મોનોક્લોનલ એન્ટિબોડી કહેવામાં આવે છે. તે કેન્સર સહિત અનેક રોગોની સારવારમાં મદદરૂપ છે. અત્યાર સુધી, નિપાહથી સંક્રમિત માત્ર ૧૪ લોકોને ભારતની બહાર મોનોક્લોનલ એન્ટિબોડીઝ આપવામાં આવી છે. આ તમામના જીવ બચી ગયા છે. ભારતે ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયા પાસેથી મોનોક્લોનલ એન્ટિબોડી ડોઝ મંગાવ્યો હતો. તે વર્ષે કેરળના કોઝિકોડ અને મલપ્પુરમ જિલ્લામાં નિપાહના કારણે ૧૭ લોકોના મોત થયા હતા.


કેરળના પડોશી રાજ્ય કર્ણાટકમાં સરકારે એક પરિપત્ર બહાર પાડ્યો છે. જેમાં સામાન્ય લોકોને કેરળના પ્રભાવિત વિસ્તારોમાં મુસાફરી કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે. પરિપત્રમાં, અધિકારીઓને કેરળની સરહદે આવેલા જિલ્લાઓ (કોડાગુ, દક્ષિણ કન્નડ, ચામરાજનગર અને મૈસૂર)માં દેખરેખને વધુ તીવ્ર બનાવવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, નિપાહ વાયરસ સૌપ્રથમ ૧૯૯૮માં મલેશિયાના સુંગાઈ નિપાહ ગામમાં જોવા મળ્યો હતો. આ ગામના નામ પરથી તેનું નામ નિપાહ રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ ડુક્કર ઉછેરનારા ખેડૂતોને આ વાયરસનો ચેપ લાગ્યો હતોમલેશિયા કેસના અહેવાલ મુજબ, કૂતરા, બિલાડી, બકરી, ઘોડા જેવા પાલતુ પ્રાણીઓ દ્વારા ચેપ ફેલાવવાના કેસ પણ નોંધાયા હતા. મલેશિયા બાદ આ જ વર્ષે સિંગાપોરમાં પણ આ વાયરસ જોવા મળ્યો હતો.આ પછી, ૨૦૦૧માં, બાંગ્લાદેશમાં પણ આ વાયરસથી સંક્રમિત દર્દીઓ મળી આવ્યા હતા. થોડા સમય પછી, બાંગ્લાદેશ સાથેની ભારતીય સરહદની આસપાસ પણ નિપાહ વાયરસના દર્દીઓ મળવા લાગ્યા.કર્ણાટકમાં પણ આવી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. રાજ્ય સરકારે કોડાગુ, દક્ષિણ કન્નડ, ચામરાજનગર અને મૈસુરના સરહદી જિલ્લાઓના આરોગ્ય વિભાગોને સર્વેલન્સ વધારવા માટે કહ્યું છે. પાડોશી રાજ્યોમાંથી આવતા લોકોને ટેસ્ટ કરાવવા માટે કહેવામાં આવ્યું છે, જેથી રાજ્યમાં નિપાહના પ્રવેશને રોકી શકાય. નિપાહ કોરોના સંક્રમણ કરતા અનેકગણું ઘાતક છે. કેરળમાં આ ચોથી વખત વાયરસની ફરીથી ઓળખ થઈ છે. ૨૦૧૮ માં સૌથી

# ચાર વખત નામંજૂર થયેલું બિલ ફરી રજૂ : આજે વિધાનસભામાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ- ૨૦૨૩ રજૂ કરાયું; વિદ્યાર્થીઓ-અધ્યાપકો અને કોંગ્રેસમાં વિરોધ





રાજ્યની ૧૫મી વિધાનસભાના ત્રીજા સત્રના ચોથા દિવસે સરકાર ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ-૨૦૨૩ રજૂ કર્યુંછે. જો આ બિલ પસાર થશે તો પ્રધ્યાપકોની નિમણૂક, બદલી, યુનિવર્સિટીની કામગીરી ઉપરાંત સરકારી ગ્રાન્ટ બાબતે પણ મહત્ત્વના નિર્ણયો રાજ્ય સરકાર હસ્તક થઈ જશે. આ ઉપરાંત તમામ યુનિવર્સિટી કે જે સરકારી છે એ તમામના અધિનિયમો પણ રદ થઈ શકશે.નેશનલ એજ્યુકેશન પોલિસી હેઠળ રાજ્ય સરકારે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ- ૨૦૨૩નો ડ્રાફ્ટ જાહેર કરી ૧૨ ઓગસ્ટ સુધી સૂચનો મગાવ્યા હતા. અગાઉ વિધાનસભામાં આ બિલ ચાર વખત નામંજૂર થઈ ચૂક્યું છે. ત્યારે ફરી એકવાર સરકારે આ બિલ વિધાનસભામાં રજૂ કર્યું છે. આ બિલનો વિરોધ કોંગ્રેસ તો પહેલાંથી જ કરી રહી છે ત્યારે હવે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ આ બિલના વિરોધમાં જોડાયા છેરાજ્ય સરકારની પૂર્વમંજૂરી વિના યુનિવર્સિટીએ અધ્યાપકો અધિકારીઓ અથવા અન્ય કર્મચારીઓની નવી જગ્યાઓ ઊભી કરી શકશે નહીં. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયકમાં રાજ્ય સરકારે ભરતી બાબતની પણ ખાસ જોગવાઈ કરી છે. આ ઉપરાંત અધ્યાપકો, અધિકારીઓ અને અન્ય કર્મચારીઓનાં પગાર-ભથ્થાં, નિવૃત્તિ પછીના લાભો અને અન્ય લાભોમાં સુધારો કરવો જોઈશે નહીં. આ સાથે જ પ્રાપ્ત થયેલ કોઈ નિર્ધારિત ભંડોળને પણ વાપરી શકશે નહીં. યુનિવર્સિટી સ્થાવર મિલકતના વેચાણ અથવા તો ભાડાની તબદિલી પણ કરી શકશે નહીં. આમ, તમામ સત્તા સરકારની પૂર્વમંજૂરી વિના કંઈપણ થઈ શકશે નહીં.આ અધિનિયમમાં રાજ્ય સરકારે એવી પણ સ્પષ્ટતા કરી છે કે રાજ્ય સરકાર માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નાણાકીય જવાબદારીમાં વધારો કરતી સંલગ્ન કોલેજો અથવા તો શૈક્ષણિક સંસ્થા સંબંધિત કોઈપણ નિર્ણય લઈ શકાશે નહીં. આ ઉપરાંત રાજ્ય સરકાર અથવા તો યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અથવા કોઈ વ્યક્તિ અને સંસ્થા પાસેથી પ્રાપ્ત થયેલા ભંડોળમાંથી કોઈ વિકાસનું કાર્ય થઈ શકશે નહીં. આમ, તમામ મુદ્દે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી લેવી પડે એવી જોગવાઈ કરવામાં આવી છેઆ વિધેયકમાં માત્ર યુનિવર્સિટીની સત્તા ભરતી સહિતની બાબતોના નિયમો ગણવામાં આવ્યા છે. આ ઉપરાંત યુનિવર્સિટી સાથે જોડાયેલા પ્રધ્યાપકો ખાનગી ટ્યૂશન કે ક્લાસીસ પણ ચલાવી શકશે નહીં અને કુલપતિની નિમણૂક, પ્રધ્યાપકો, કર્મચારીઓની બદલીના વિશેષ નિયમો પણ કરવામાં આવ્યા છે. કોઈપણ બદલી કરાયેલા કર્મચારીઓની સેવાઓની બોલી અને શરતોમાં એના લાભ થાય એવ ફેરફારથી પણ બદલી કરી શકાશે નહીં.રાજ્ય સરકાર વિધાનસભા ગૃહમાં કોમન યુનિવર્સિટી બિલ લાવી રહી છે. ત્યારે યુનિવર્સિટીના હિસાબો અને ઓડિટ બાબતે ખાસ નિયમો તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં યુનિવર્સિટી દ્વારા ફંડ પણ ઊભું કરવામાં આવશે અને એનો ઉપયોગ પગાર-ભથ્થાંની ચુકવણી માટે કરવાની રહેશે. આ ફંડમાંથી પગાર અને અન્ય ચુકવણી સિવાય કોઈપણ હેતુ માટે ઉપયોગ કરાશે નહીં. નાણાં અને હિસાબ અધિકારી ત્યાર બાદ સંચાલક મંડળ દ્વારા મંજૂર કર્યા મુજબના વાર્ષિક નાણાકીય અંદાજોની નકલો રાજ્ય સરકારને રવાના કરવામાં આવશે અને યુનિવર્સિટીનું નાણાકીય વર્ષ રાજ્ય સરકારનું છે એ જ રહેશેરાષ્ટ્રીય શિક્ષણનીતિની આવશ્યકતાઓના સંબંધમાં એકસમાન માળખા અને કાર્યરીતિને આધારે તમામ યુનિવર્સિટીઓ માટે એક જ કાયદો અમલમાં મૂકવો સરળ, યોગ્ય વ્યવહારિક રેખાઓની રીતે થાય એ માટે રાજ્ય સરકાર કોમન પબ્લિક યુનિવર્સિટી અધિનિયમ લાવી રહી છે. એમાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ડોક્ટર બાબા આંબેડકર ઓપન યુનિવર્સિટી, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને ગુરુ ગોવિંદ યુનિવર્સિટીને એક જ કાયદા હેઠળ લાવવામાં આવશે.

### કોમન યુનિવર્સિટી એક્ટમાં શું હશે મહત્ત્વની જોગવાઈ?

**રાજ્યની સરકારી યુનિવર્સિટીઓનું એક જ કાયદાથી નિયમન થાય.**
**તમામ યુનિવર્સિટીમાં કોમન અભ્યાસક્રમ હોય.**
**એક જ સમયે તમામ યુનિવર્સિટીમાં પરીક્ષા લેવામાં આવે.**
**અભ્યાસક્રમમાં ૨૦ ટકા સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ફેરફાર કરવામાં આવે.**
**વિદ્યાર્થીઓએ M S Uને બચાવવા માટે રાખડી બાંધી હતી**

### વિદ્યાર્થીઓને શું ફાયદો થશે?

**વિદ્યાર્થીઓને અધવચ્ચે પ્રવેશની માથાકૂટમાંથી મુક્તિ મળશે.**
**અત્યારે અભ્યાસક્રમ અલગ હોવાથી અન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવો મુશ્કેલ.**
**અભ્યાસક્રમ એક થતાં વિદ્યાર્થીઓ અડધા અભ્યાસક્રમમાં અન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ લઈ શકશે.**
**કોમન એક્ટમાં દરેક યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ એક સરખો રહેશે.**

### વિદ્યાર્થીઓ કેમ કરી રહ્યા છે વિરોધ?

**અમે વોટ કરીને સેનેટ બનાવીએ છીએ, એ નહીં બને.**
**અમારી પાસેથી લોકતાંત્રિક પ્રક્રિયાનો હક લઈ લેવાશે.**
**પ્રોફેસરને કંટ્રોલ કરવા તેમની પોલીસની જેમ બદલી થશે.**
**સ્ટુડન્ટ યુનિયન બંધ કરી દેવાશે, જેથી વિદ્યાર્થીઓ રજૂઆત નહીં કરી શકે.**
**બિલમાં તાકાત શોષણકર્તાને આપી દેવામાં આવી છે, જેથી શોષણ થશે.**
**MSUને બચાવવા રાખડી બાંધી હતી**

## તંત્રી લેખ......

# દુનિયામાં સૌથી વધુ મોંઘવારી તુર્કીમાં: ભારત બીજા સ્થાને

દેશમાં સતત વધી રહેલી મોંઘવારી અને તેની વ્યાજદર વધારા સહિતની આડ અસરથી આમ આદમી સૌથી વધુ અસરગ્રસ્ત છે અને કેન્દ્રની મોદી સરકાર અમેરિકા અને બ્રિટન સહિતના દેશોના દ્રષ્ટાંત આપી ભારતમાં મોંઘવારી ઓછી છે તેવા દાવા કરે છે તે વચ્ચે હાલમાંજ એક રીપોર્ટમાં વિશ્વમાં કોરોનાકાળ પછી વધેલી મોંઘવારીને યુક્રેન યુદ્ધ એ ગતિ આપી છે અને તેઓ જી-૨૦ દેશોની સ્થિતિ પર નજર કરીએ તો તુર્કી બાદ સૌથી વધુ મોંઘવારી ભારતમાં છે. છેલ્લા ત્રણ વર્ષના મોંઘવારીના આંકડામાં અમેરિકા-બ્રિટન સહિતના પશ્ર્ચીમી દેશોમાં પણ મોંઘવારી વધી હોવાનું જણાવ્યું છે

ભારતમાં તો ૧૦ વર્ષથી મોંઘવારી સતત વધી રહી છે. છેલ્લા એક વર્ષના ફુગાવાના આંકડા પર નજર કરો તો વિશ્વમાં યુરોપનું પ્રવેશદ્વાર ગણાતું તુર્કી એ દુનિયાનો સૌથી મોંઘો દેશ છે. એટલે કે આ દેશમાં મોંઘવારીમાં ૨૦૨૨-૨૩ના જુલાઈથી જુલાઈના વર્ષમાં ૪૫%નો મોટો વધારો થયો છે તો ભારતમાં એક વર્ષમાં મોંઘવારી ૭.૫% વધી છે અને તે આ રીતે મોંઘવારીમાં વિશ્વમાં નંબર ટુ પર છે.જી-૨૦ના અન્ય દેશોમાં બ્રિટન-જર્મની અને ઈટલીમાં ૧ વર્ષમાં સરેરાશ ૫.૮% મોંઘવારી વધી છે. જો કે જી-૨૦ના અન્ય દેશોમાં આર્જેન્ટીના, ઓસ્ટ્રેલિયા, જાપાન અને રશિયામાં ફુગાવાના કોઈ પ્રમાણભૂત આંકડા મળતા નથી.

તુર્કી છેક ૨૦૨૦થી મોંઘવારીમાં પ્રથમ સ્થાને છે અને તેમાં કુલ ૨૧૬%નો વધારો થયો છે. તુર્કી બાદ લાંબાગાળાની મોંઘવારીમાં બ્રાઝીલમાં ૨૪% બ્રિટનમાં ૨૦%ની ઝડપે મોંઘવારી વધી છે તો લાંબાગાળામાં મેકસીકો, ભારત, જર્મની, દ.આફ્રિકા અને અમેરિકામાં ૧૮% ના દરે મોંઘવારી વધી છે.

# નેસડા (ગોલપ) પ્રાથમિક શાળામાં પ્રીતિ ભોજન તથા સિક્કા પ્રદર્શન યોજાયું

તારીખ ૧૩/૯/૨૦૨૩ના રોજનેસડા(ગો) પ્રાથમિક શાળાનાં માજી શિક્ષક શ્રી પ્રકાશભાઈ પી.સોલંકી દ્વારા પ્રાથમિક શાળામાં પ્રીતિ ભોજન આપવામાં આવ્યું. આ શાળામાં પાંચ વર્ષ થી વધારે વર્ષ નોકરી કરી હતી. હાલ તેઓ રસાણા નાના પ્રાથમિક શાળામાં ફરજ બજાવી રહ્યા છે. તેઓ શાળાનાં બાળકો તથા શાળા પ્રત્યેની લાગણીને કારણે ૨૨ વર્ષે પણ શાળાને ભૂલ્યા નથી.







શાળામાં આવી બાળકોને શિરો,દાળ,ભાત, પાપડનું ભોજન પીરસી શાળાનું પ્રત્યેનું ઋણ અદા કર્યું હતું. આ પ્રસંગે તેઓ પ્રાચીન અને અર્વાચીન ચલણી સિક્કાઓ તાંબાના સિક્કા,જસત, ક્રોમિયમ, પિત્તળ તથા સ્ટીલ ના સિક્કા બતાવી જુના રાજાશાહીમાં કેવું નાણાનું ચલણ હતું. મોગલ શાસન, અંગ્રેજ શાસન, છત્રપતી રાજા વિગેરે કાળના સિક્કાઓ બતાવી બાળકોને સામાજિક વિજ્ઞાન, ઈતિહાસ,ભૂગોળ, ભારત દેશના રાજકીય પુરુષો વિગેરેની માહિતી સિક્કા દ્વારા આપી હતી. તેમણે બાળકોને જાદુના ખેલ પણ બતાવ્યા હતા. તેઓશ્રી પાડણ મુકામે જઈ પ્રાથમિક શાળાના ધોરણ ૧ થીટ નાં બાળકોને પણ સિક્કા પ્રદર્શન અને જાદુના ખેલ બતાવ્યાં હતાં. આ પ્રસંગે શાળાનાં આચાર્યશ્રી ઈશ્વરજી રાજપૂતે ગીતાજીનું પુસ્તક આપી સ્વાગત કર્યું હતું.શાળાના શિક્ષક મિત્રો, શાળાના માજી આચાર્ય શ્રી શંકરજી રાજપૂતે શાબ્દિક સ્વાગત કર્યું હતું. સી.આર.સી.વિક્રમજી રાજપુત તથા ડી.કે.સાહેબે ગુજરાત નાં ગૌરવ ગ્રંથો પુસ્તક આપી સન્માનિત કર્યા હતા.

શાળા ના આચાર્ય ઈશ્વરજી અને શાળા પરિવાર તરફથી સરસ્વતી માતાનો ફોટો મોમેન્ટ રૂપે આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગ્રામજનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થી ભરતભાઈ રાઠોડે પણ અમી ઝરણાં પુસ્તક આપી તેમનું સન્માન કર્યું હતું.

પ્રકાશભાઈ સોલંકી ખૂબ જ ઉત્સાહી અને ઈનોવેટીવ શિક્ષક છે અને અમારી શાળામાં આવી બાળકોને પ્રીતિ ભોજન સાથે શૈક્ષણિક માહિતી આપી બાળકોને જાદુના ખેલ બતાવી મનોરંજન સાથે જ્ઞાન આપ્યું હતું . તે બદલ શાળાનાં આચાર્ય શ્રી ઈશ્વરજી રાજપુત તથા શાળા પરિવાર અને ગ્રામજનો તેમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો...

# ગાંધીનગરનાં મહુડી રોડ ડમ્પરની ટક્કરથી રિક્ષા ડ્રાઈવરનું મોત

ગાંધીનગરના પેથાપુર મહુડી રોડ કેશવ પાર્ટી પ્લોટ સામેના રોડ પર ડમ્પરનાં ચાલકે પોતાનું ડમ્પર પૂરપાટ ઝડપે હંકારીને આગળ જતી રીક્ષાને ટક્કર મારી ડિવાઈડર કુદાવી દઈ અન્ય એક આઈવા ડમ્પર સાથે અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં રીક્ષા પલ્ટી જતાં ડ્રાઈવરનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે. જ્યારે અન્ય ચાર જણાંને શરીરે વધતી ઓછી ઈજાઓ પહોંચતા પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.માણસા તાલુકાના માણેકપુરા ગામમાં રહેતા વિક્રમજી કેશાજી ડાભી છુટક મજુરી કામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે સવારના સમયે વિક્રમજી શરીરે સોજા ચડયા હોવાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી દવા લઈ ઘરે જવા માટે પથિકાશ્રમથી રિક્ષામાં બેઠા હતા.તે વખતે કેશવ પાર્ટી પ્લોટ આગળ રોડ ઉપર પાછળથી એક આઈવા ડમ્પર ચાલકે પોતાનુ ડમ્પર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી રીક્ષાને પાછળથી જોરદાર ટક્કર મારતા રીક્ષા પલટી ખાઇ ગઈ હતી.

# ડીસા ખાતે સિન્ધી બ્રહ્મક્ષત્રિય પૂ. પંચાયત દ્વારા બાબા નારંગદેવનો મેળો ઉજવાયો

ડીસા ખાતે આવેલ શ્રી સિન્ધી બ્રહ્મક્ષત્રિય પૂ. પંચાયત દ્વારા દર વર્ષની જેમ ભાદરવા સુદ-૨ નો બાબા નારંગદેવનો મેળો ધામધૂમથી ઉજવવામાં આવે છે ભાદરવા સુદ-૨ ને તા: ૧૬-૦૯-૨૦૨૩ ને શનિવાર ના દિવસે સિન્ધી બ્રહ્મક્ષત્રિય સમાજની વાડી આદર્શ હાઈસ્કુલની પાછળ આવેલ સિન્ધી સમાજના ભાઈ-બહેનો દ્વારા હવન તેમજ ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું પ.પૂ બાબા નારંગદેવના મેળામાં સમાજના પ્રમુખશ્રી વિજયભાઈ એસ ખત્રી, ઉપપ્રમુખશ્રી ભોજરાજ ભાઈ એમ. છાટબાર , જગદિશકુમાર જે. વલેરા ખજાનચી શ્રી અમૃતલાલ આઈ. વારડે તેમજ કારોબારી સભ્યો કિશોરભાઈ પી. ધગીયા , વસંતભાઈ વેનસીમલ બર્વા જમનાદાસ ધગીયા, યશવંત ભાઈ ખત્રી તેમજ નવયુવક મંડળ નાં આગેવાનોએ સારી જહેમત ઉઠાવીને આ ધાર્મિક પ્રસંગને સફળ બનાવવા તન મનથી ખડેપગે સેવા આપીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

# ભિલોડા તાલુકાના પ્રણામી - વણકર સમાજ નું ગૌરવ વધાર્યું

ભિલોડા તાલુકાના મોટીબેબાર ગામના રહેવાસી પ્રણામી સમાજના યુવાન અને સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા - નાગવાસણ, તા. સિધ્ધપુર, પાટણ ખાતે કાર્યરત ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષક નિકુંજકુમાર સુંદર સાથે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પી.એચડી. ની પદવી મેળવી ને શાળાનું ગૌરવ વધાર્યું છે. તેમણે

પ્રમુખ સ્વામી આર્ટ્સ કોલેજ - કડીના પ્રોફેસર ડૉ. બી.એસ.પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિષયમાં 'પ્રણામી સંપ્રદાયના ભક્ત કવિઓ' વિષયક ઊંડાણપૂર્વકનું સંશોધન કાર્ય કરીને પોતાનો થિસીસ 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી - પાટણ' ખાતે રજૂ કર્યો હતો.આ પહેલા પણ તેઓએ કાશ્મીરમાં ઉરી - બારામુલ્લા વિસ્તારની સરહદીય શાળાઓમાં



જઈને ત્યાંના વિદ્યાર્થીઓએ સમક્ષ વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓ દ્વારા શૈક્ષણિક કાર્ય કર્યું હતું. મોટીબેબાર ગામનું ગૌરવ વધાર્યું ઉત્તરો ઉત્તર પ્રગતિ કરવા બદલ ગામના સામાજીક આગેવાનોએ બિરદાવ્યા હતા.

### બ્રહ્માકુમારીઝ આબુ ખાતે આયોજિત ત્રિવસિય રાજનીતિજ્ઞ સંમેલન સંપન્ન.

# નર્તન ડાન્સ એકેડેમી ગાંધીનગર દ્વારા પ્રસ્તુત કલચરલ કાર્યક્રમે સંમેલનને આપી અવિસ્મરણીય યાદ



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના મુખ્યાલય આબુ ખાતે શાંતિવન, આનંદ સરોવરમાં 'રાજનીતિજ્ઞો માટે 'પ્રેરણાદાયક નેતૃત્વ માટે પરમાતમ શક્તિઓ અને વરદાનોની પ્રાપ્તિ' વિષય પર આયોજિત ત્રિદિવસીય સંમેલન અનેક યાદગારો સાથે સંપન્ન થયેલ. રાજયોગ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશના રાજનીતિજ્ઞ સેવા પ્રભાગના અધ્યક્ષ રાજયોગી બ્રીજમોહન ભાઈ, રાષ્ટ્રીય સંયોજક રાજયોગીની લક્ષ્મી દીદી તથા મુખ્યાલય સંયોજક રાજયોગીની ઉષા દીદીના ઉત્કૃષ્ટ પ્રયાસોથી સંમેલનના રાજયોગ મેડીટેશન સત્રમાં 'શાશ્વત આત્માના રૂપમા સ્વયં ની સાચી ઓળખ' અને 'પરમાત્મા સાથે સ્નેહપૂર્ણ સંબંધ સ્થાપિત કરવા' જેવા ગુડ રહસ્યો સૌ ડેલીગેટ્સને સહજતાથી સ્પષ્ટ થયેલ. જ્યારે ઉદઘાટન અને ખુલા સત્રમાં 'પ્રેરક નેતૃત્વ માટે પરમાત્મ શક્તિઓ અને વરદાનોની પ્રાપ્તિ', 'પરમાત્મા-આધ્યાત્મિક શક્તિઓ અને ગુણોનો એક માત્ર સ્ત્રોત' તથા 'સ્વર્ણિમ યુગના ડબલ સિરતાજ દૈવી શાસકોની રાજ્ય કળા' વિષયની સરસ છણાવટ થયેલ. એવી જ રીતે સમાંતર સત્રની 'માનવ જીવનનું મૂલ્ય', 'સન્માન અને પ્રશંસાના ઉત્કૃષ્ટ ગુણો', 'સકારાત્મક જીવન જીવવાની કળા' અને 'શાંતિની શક્તિનો ઉપયોગ' તથા સમાપન સત્રનો 'બહુલ સમાજમાં સદભાવ માટે આધ્યાત્મિક ભાતૃભાવ' ટોપિક હૃદય સ્પર્શી રહ્યો.

પણ સંમેલનના ઉદઘાટનમાં નર્તન ડાન્સ એકેડેમી ગાંધીનગર દ્વારા કલા ગુરુ હાર્દિકા શુક્લ ભટ્ટના સુપર નિર્દેશન તળે આયુશી શર્મા, ખુશાલી ઉપાધ્યાય, ધિમહી દવે, પૂનમ ભગોરા, નેહલબેન ભટ્ટ, ક્રિષ્નાબેન ત્રિવેદી, દુર્વા વ્યાસ, નમસ્વી શાહ અને પાસક ગાંધીની પ્રસ્તુતિ એ ઉપસ્થિત સૌના દિલ જીતી લઇ એક અમીટ યાદ છોડેલ.




પૂર્વ અમદાવાદના નિકોલ વિસ્તારની રામેશ્વર - ગેલેક્ષી સ્કૂલના ડાયરેક્ટર ડૉ. હેમંત પંડ્યાએ સર્જેલા ભારતના વડાપ્રધાનશ્રીના પેઈન્ટીગ પ્રદર્શિત કરીને વિધ્યાર્થીઓએ કલાત્મક રીતે મોદી સાહેબના જન્મદિવસની ઉજવણી એડવાન્સમાં કરી હતી..

# ઇડર કોલેજમા "અંગદાન મહાદાન" જાગૃતિ માટેનો કાર્યક્રમ યોજાયો

ઇડર આંજણા પાટીદાર એચ.કે.એમ. આટર્સ અને પી.એન.પટેલ કૉમર્સ કૉલેજ ઇડરમા એન.એસ.એસ.(રાષ્ટ્રીય સેવા યોજના) દ્વારા તા.૧૫/૦૯/૨૦૨૩ ને શુક્રવારે સવારે "અંગદાન જાગૃતિ" કાર્યક્રમ યોજાયો હતો જે સંદર્ભે ઝઈઝ ઇડર મિનેશભાઈએ અંગદાન વિષે કોલેજના વિવિધ વર્ગોમા માહિતી આપીને પ્રતિજ્ઞા લેવડાવી હતી. કાર્યક્રમનું સફળ આયોજન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ



એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. આર. એસ. ચારણ તથા ડૉ. પ્રિયંકાબેન જી. સોલંકી દ્વારા કરવામા આવ્યુ હતુ

# રાત્રે શહેર માં વધી રહેલા અસામાજિક તત્વો ના ત્રાસને દુર કરવા લોકો દ્વારા પોલીસ પેટ્રોલીંગ સધન બનાવવાની માંગ ઉઠી..

છેલ્લા કેટલાક સમયથી શહેરમાં રાત્રિના સમયે અસામાજિક તત્વો દ્વારા શહેરના વાતાવરણને ડોળવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે જેના કારણે રાત્રે ચા પાણી અને નાસ્તા ની લારીઓ ચલાવી પોતાના પરિવારજનોનું જીવન નિર્વાહ ચલાવતા નાના વેપારીઓ તેનો ભોગ બની રહ્યા છે ત્યારે રાત્રી દરમ્યાન શહેરમાં વધી રહેલા અસામાજિક તત્વો ને ઝેર કરીને રાત્રે નાના વેપારીઓ પોતાનો રોજગાર નિર્ભય પણ એ કરી શકે તે માટે પોલીસ તેમજ અન્ય એજન્સીઓ દ્વારા રાત્રી દરમ્યાન પેટ્રોલિંગ સધન બનાવવામાં આવે તેવી લેખિત રજુઆત પાટણ જિલ્લા પોલીસ સલાહકાર સમિતિ ના સભ્ય અને પાટણ જિલ્લા ભાજપ કાર્યાલય મંત્રી નવીન પ્રજાપતિ દ્વારા જિલ્લા પોલીસ વડા સમક્ષ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. વધુમાં તેમની રજૂઆતમાં જણાવ્યું છે કે પાટણ શહેર ઐતિહાસિક તેમજ સંસ્કારી નગરી તરીકે નામના ધરાવે છે , તેમજ જેટલા



વ્યવસાય દિવસે ધમધમે છે તેટલા જ રોજગારો રાત્રી દરમિયાન ખાણી પીણી તથા ટી સ્ટોલ ના નાના ધંધાદારીઓ પોતાનું કુટુંબનું ગુજરાત ચલાવી રહ્યા છે પરંતુ પાટણ શહેર જિલ્લામાં વિકસતુ નગર છે ત્યારે અસામાજિક તત્વો દ્વારા વાતાવરણ બગાડવાની કોશિશ કરે ત્યારે તેની અસર નગર મા રાત્રી દરમિયાન નાનો મોટો ધંધો કરતા દરેક રોજગારીઓને પડતી હોય છે. ત્યારે શહેરીજનોનો રોષ વહીવટી તંત્ર સુધી પહોંચતો હોય છે, તાજેતરમા પાટણ મા કોહિનૂર સિનેમા પાસે આવેલ ચા ની કીટલી પર અસામાજિક તત્વો એ રાત્રી ના સમયે આતંક મચાવ્યા ના સમાચાર વોટસએપ ગૃપમા આવતા આપને આ પત્ર દ્વારા જાણ કરુ છુ કે આ ઘટના ની તપાસ કરીને શાંત અને સંસ્કારી નગરી પાટણ ની શાંતિ ડહોળવાના તેમજ રાત્રી રોજગાર મેળવતા રોજમદાર ને ધંધાકીય અસર કરતા આવા અસામાજિક તત્વોને પકડવા ચક્રો ગતિમાન વેગવંતા બનાવવા તથા રાત્રી રોજગારી પર નભતા ધંધાર્થીઓને હાની ના પહોચે તે માટે રાત્રી પોલીસ પેટ્રોલીંગ સધન બનાવવા માટે આદેશ કરવા તેઓએ જિલ્લા પોલીસ વડા ને લેખિત રજૂઆત કરી હોવાનું જાણવા મળેલ છે

# હિંમતનગરની જૈનાચાર્ય વિદ્યાલયનુ ગૌરવ

SGFI અને જિલ્લા રમત વિકાસની કચેરી દ્વારા આયોજિત સાબરકાંઠા જિલ્લાની બહેનો માટેની બેડમિગ્ટન સ્પર્ધા સાબર સ્ટેડિયમ ભોલેશ્વર મુકામે યોજાઇ હતી તેમા હિમતનગરની જૈનાચાર્ય આનંદઘનસુરિ વિદ્યાલયની ખેલાડીએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનુ ગૌરવ વધાર્યું વિદ્યાર્થીની જોશી ઉન્નતિ મનીષભાઈ બેડમિગ્ટન સ્પર્ધમા



સમગ્ર જિલ્લામા પાંચમા નંબરે વિજેતા થઈ રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે વિજેતા થનાર ખેલાડીને અને તૈયાર કરનાર શાળાના વ્યાયામ શિક્ષક નિતિનભાઇ ગુર્જરને શ્રી સોસાયટીનગર વિકાસમંડળના પ્રમુખ સી.સી.શેઠ સાહેબ તથા મંત્રી મધુસુદન ખમાર તથા શાળાના આચાર્ય પી.ડી.દેસાઈ તથા સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા છે

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

NSO SS NO -154

વિષય:- સમરસતા
શબ્દો:- ૩૬
શીર્ષક:- વસુધૈવ કુટુમ્બકમ
એકાવનાક્ષરી (૭-૧૦-૭-૧૦-૭-૧૦)



૧) હેતુ વિનાનો સ્નેહ,
સુમેળ ભર્યો સંબંધ હોય,
એક સમાન ભાવ,
એ સમરસતા કહેવાય,
જીવ અજીવ બધા,
બ્રહ્મ સ્વરૂપે સ્નેહ કરે છે.

૨) પ્રત્યેક પ્રાણીઓમાં,
ઈશ્વરની જ્યોતના દર્શન,
નિત્ય કરતાં રહો,
વસુધૈવ કુટુમ્બકમથી,
આખીયે વસુંધરા,
એક ઘર બનાવી શકાય.

બીના એન પીઠડીયા "વૈદેહી"
અમદાવાદ

# સપ્તાહ દરમિયાન સોનાનો વાયદો રૂ.૪૧૦ અને ચાંદીનો વાયદો રૂ.૭૮૮ ગગડ્યોઃ ક્રૂડ તેલમાં રૂ.૨૭૪નો ઉછાળો

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૮થી ૧૪ સપ્ટેમ્બર સુધીના સપ્તાહ દરમિયાન ૭૩,૩૪,૫૯૫ સોદાઓમાં કુલ રૂ.૭,૧૪,૬૬૧.૧૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૦,૩૧૩.૯૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૬,૨૪,૨૩૯.૮૬ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭,૪૦,૧૪૬ સોદાઓમાં રૂ.૪૯,૨૨૩.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૧૪૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૯,૨૦૫ અને નીચામાં રૂ.૫૮,૩૫૪ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૧૦ ઘટી રૂ.૫૮,૫૮૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૦૭ ઘટી રૂ.૪૭,૫૭૬ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૨ ઘટી રૂ.૫,૮૪૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૮ ઘટી રૂ.૫૮,૬૦૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૧,૯૧૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૨,૩૩૫ અને નીચામાં રૂ.૭૦,૦૬૨ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૮૮ ઘટી રૂ.૭૦,૯૮૨ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૮૩૬ ઘટી રૂ.૭૧,૦૫૧ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭૮૩ ઘટી રૂ.૭૧,૧૦૨ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૮૫,૭૧૭ સોદાઓમાં રૂ.૯,૨૬૬.૩૬ કરોડના વેપાર થયા હતા. તાંબુ સપ્ટેમ્બર વાયદો રૂ.૭૨૬.૯૦ના ભાવે ખૂલી, રૂ.૯.૦૫ વધી રૂ.૭૩૭.૧૦ જ્યારે એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૫૦ વધી રૂ.૨૦૩.૭૫ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ વધી રૂ.૧૮૯ના ભાવ થયા હતા. જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪.૦૦ વધી રૂ.૨૨૬ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૭૦ વધી રૂ.૨૦૪.૧૫ સીસુ-મિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ વધી રૂ.૧૮૮.૧૫ જસત-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૩.૯૦ વધી રૂ.૨૨૫.૭૦ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર ૭,૭૬,૦૫૦ સોદાઓમાં રૂ.૩૧,૭૨૯.૨૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૭,૧૭૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૫૧૨ અને નીચામાં રૂ.૭,૧૬૫ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૭૪ વધી રૂ.૭,૫૦૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૨૭૬ વધી રૂ.૭,૪૯૮ બંધ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૬ના ભાવે ખૂલી, રૂ.૧૦.૨૦ વધી રૂ.૨૨૫.૬૦ અને નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦.૧ વધી ૨૨૬ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સપ્તાહ દરમિયાન રૂ.૯૪.૭૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૬૦,૩૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧,૫૦૦ અને નીચામાં રૂ.૫૯,૩૬૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૪૦ વધી રૂ.૬૦,૯૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૧.૨૦ ઘટી રૂ.૯૩૪.૮૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૪,૯૬૧.૩૫ કરોડનાં ૨૫,૪૩૩.૪૧૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૪,૨૬૨.૨૩ કરોડનાં ૪,૭૮૮.૪૯૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૯,૬૯૦.૭૧ કરોડનાં ૧,૩૨,૦૪,૧૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨૨,૦૩૮.૫૩ કરોડનાં ૯૭,૫૪,૬૨,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૯૩૩.૬૦ કરોડનાં ૪૬,૧૪૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૧૭.૬૩ કરોડનાં ૧૬,૯૩૧ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૪,૭૮૩.૨૭ કરોડનાં ૬૫,૪૨૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩,૨૩૧.૮૬ કરોડનાં ૧,૪૫,૭૩૭ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૨.૨૯ કરોડનાં ૨,૦૧૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૮૨.૪૯ કરોડનાં ૮૭૦.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૨૯૦.૪૦૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૪૨.૬૪૮ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૬૮૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૪,૬૧૪ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૮૪૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૬,૫૯૫ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૩,૬૫,૬૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૬૭,૧૮,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૪,૮૦૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૬૫.૬૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૦૭.૩૨ કરોડનાં ૧૩૭૦ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૭૩૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૫,૭૬૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૭૯૮ અને નીચામાં ૧૫,૫૨૬ બોલાઈ, ૨૭૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૫૦ પોઈન્ટ ઘટી ૧૫,૫૯૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૬,૨૪,૨૩૯.૮૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩,૯૫૮.૪૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૦૬૭.૯૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૩૦,૮૫૯.૪૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૩,૨૨૦.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

## ગણેશઉત્સવ દરમિયાન કાળજી રાખવા જેવી બાબતો

ઘરે જ માટી અને કુદરતી રંગોનો ઉપયોગ કરીને નાના કદની મૂર્તિ બનાવવી જોઈએ. માટીમાંથી બનાવેલ નાની મૂર્તિને ઘરે જ કૃત્રિમ કુંડ કે કુંડા અથવા ડોલમાં જ વિસર્જિત કરીને તે માટીને ફરીથી છોડ વાવવા માટે ઉપયોગમાં લઈ શકાય. મોટી મૂર્તિઓ કૃત્રિમ કુંડમાં જ પધરાવવી જોઈએ. હળદર, હર્બલ કે ઘરે બનાવેલ કુમકુમ, ગુગળ, ચંદન, ગાયનાં છાણા જેવા કુદરતી ધુપ વગેરે જેવી ઓર્ગેનિક પૂજા સામગ્રીનો ઉપયોગ કરવો જોઈએ. પ્લાસ્ટિકની વસ્તુઓનો નહિવત ઉપયોગ કરવો જોઈએ. ફુલ, પાન, કાગળમાંથી બનાવેલ વસ્તુઓ દ્વારા સુશોભન કરવુંજોઈએ. પ્રસાદ વિતરણ માટે પાંદડામાંથી બનાવેલ પડીયા કે કેળના પાનનો ઉપયોગ કરવો જોઈએ. પૂજા/વિસર્જન બાદ વપરાયેલા ફુલો તેમજ અન?ય વસ્તુઓ કે જેનું જૈવિક રીતે વિઘટન શક્ય હોય તેમાંથી ઘરે જ ખાતર બનાવી શકાય. શક?ય તેટલી પુનઃઉપયોગ કરી શકાય તેવી સુશોભન વગેરેની વસ?તુઓને ઉપયોગમાં લેવી જોઈએ. પૂજા અને આરતી દરમિયાન હળવા તેમજ પરંપરાગત સંગીતના સાધનો કે સારી ક્વોલિટીના સ્પીકરનો ઉપયોગ કરવો જોઈએ. ઘી/તેલના દીવાઓ, એલ.ઈ.ડી. બલ?બ/ ડેકોરેટિવ લાઈટ સીરીઝનો ઉપયોગ કરીને ઈલેક્ટ્રીસીટી બચાવવી જોઈએ. પથ્થર કે ધાતુની મૂર્તિ કે પછી સોપારીમાં જ ભગવાનની પૂજા અર્ચના કરીને તેનું ભાવપૂર્વક ઘરે જ વિસર્જન કરવું જોઈએ.

પ્લાસ્ટર ઓફ પેરીસ (પીઓપી) ની મૂર્તિઓ અથવા મોટા કદની મૂર્તિઓ બનાવવી કે ખરીદવી ન જોઈએ. કેનાલ, તળાવ કે નદી વગેરે કુદરતી જળાશયોમાં મૂર્તિઓનું વિસર્જન ન કરવું જોઈએ. જોખમી કેમિકલયુક્ત પૂજા સામગ્રી, રંગો, ઘર/પંડાલના આંતરિક વાતાવરણને નુકસાન કરતી તીવ્ર સુગંધવાળી અગરબત્તીઓનો ઉપયોગ ન કરવો જોઈએ. પ્લાસ્ટિક/થર્મોકોલમાંથી બનેલ સજાવટની વસ્તુઓ, તેમજ પડિયા, પ્લેટ, ગ્લાસ, ચમચી વગેરે જેવા પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટીક ન વાપરવું. સુકા કચરા તેમજ ભીના કચરાનો એક સાથે સંગ્રહ તથા ભેગો જ નિકાલ ન કરવો જોઈએ. બનાવટી ફુલો કે કાપડમાંથી બનાવેલ શણગાર/ સજાવટની વસ્તુઓને પણ મૂર્તિ સાથે કૃત્રિમ કુંડમાં પધરાવવી ન જોઈએ. મોટા અવાજયુક્ત સંગીત, ડીજે, લાઉડ સ્પીકરનો ઉપયોગ ન કરવો જોઈએ. CFC Lights નો ઉપપોગ ન કરવો જોઈએ.

# જ્ઞાન સહાયક યોજનાનો વિરોધ કરતા યુવા કોંગ્રેસના કાર્યકતાઓની અટકાયત કરવામાં આવી



જ્ઞાન સહાયક યોજના યુવા વિરોધી હોવાથી યુવા કોંગ્રેસ દ્વારા હવન કરીને સરકારને સદબુદ્ધિ આવે તે માટે વિરોધ પ્રદર્શન કરવામાં આવતા પોલીસ દ્વારા કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી.

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી ગૌરાંગ મકવાણાએ કહ્યું હતું ગુજરાતમાં જ્ઞાન સહાયક યોજનાનો સરકાર દ્વારા અમલ કરવાથી અનેક યુવાનો વર્ષોથી તૈયારી કરી રહ્યા છે તેની મહેનત પર પાણી ફરી વળ્યું છે. આ યોજનામાં કરાર આધારિત શિક્ષકોની ભરતી કરવામાં આવશે ત્યારે કોંગ્રેસ દ્વારા કાયમી શિક્ષકોની ભરતી કરવાની માંગણી કરવામાં આવી હતી. જેને લઈને આજે યુથ કોંગ્રેસે સરકારને સદબુદ્ધિ મળે તે માટે હવન કર્યો હતો.જો કે પોલીસે હવનકુંડ સાથે યુવા કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરી હતી. અમદાવાદ શહેરના યુવા કોંગ્રેસના પ્રમુખ વિશાલસિંહ ગુર્જર જણાવ્યું હતુ કે આજે બેકારીનો દર ખૂબ ઊંચો છે. વિદ્યાર્થીઓ મહેનત કરતા હોય છે પરંતુ સરકાર ખાલી પડેલી નોકરીની જગ્યા ભરતી નથી. જ્ઞાન સહાયક યોજના એ યુવા વિરોધી છે અને કરાર આધારિત ભરતી વર્ષોથી મહેનત કરતા વિદ્યાર્થીઓના સપના રોળાઈ ગયા છે, સરકાર સામે વિરોધ દર્શાવીએ છીએ કે આ યોજના રદ કરીને કાયમી ભરતી કરવામાં આવે.મોટી સંખ્યામાં યુવા કોંગ્રેસના કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી, યુથ કોંગ્રેસના કાર્યકરોએ મોટી સંખ્યામાં ખોખરા સર્કલ પાસે આવેલ હનુમાનજીના મંદિર બહાર જ્ઞાન સહાયક યોજનાનો વિરોધ કર્યો હતો. જ્ઞાન સહાયક યોજનામાં કાયમી ભરતી કરવામાં આવે તે માટે યુથ કોંગ્રેસ દ્વારા હવન કર્યો હતો.મંદિર બહાર હવન કરી રહેલા કોંગ્રેસના કાર્યકરોની હવનકુંડ સાથે પોલીસે અટકાયત કરી હતી.તમામ કાર્યકરોની અટકાયત કરીને ખોખરા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.આ વિરોધ પ્રદર્શનમાં ગુજરાત યુવા કોંગ્રેસના મહામંત્રી જયમીન સોનાર, હેમાલ પટેલ, પાર્થ કોષ્ટી અને યશ ચૌધરી સહિત મોટી સંખ્યામાં યુવા કોંગ્રેસના કાર્યકર્તા જોડાય હતા અને તેઓની અટક્યાત કરી હતી.


# પ્રખર ગૌવ્રતી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની શુભકામના પાઠવતા ડો. વલ્લભભાઈ કથીરીયા



ઉતર ગુજરાતના મહેસાણા જિલ્લાના એક નાનકડા ગામ વડનગરમાં ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ ના રોજ જન્મેલા નરેન્દ્ર મોદીજી એક એવી સંસ્કૃતિમાં ઉછરી મોટા થયા જેણે તેમના ઉપર ઉદારતા, પરોપકાર અને સામાજિક સેવાના મૂલ્યોનો પ્રભાવ પાડયો. સાંઈઠના દાયકાના મધ્યમાં ભારત-પાક યુદ્ધ દરમિયાન નાની ઉમર હોવા છતાં પણ, તેમણે રેલવે સ્ટેશનો પર સ્થળાંતર વખતે સૈનિકોની સ્વૈચ્છિક સેવા કરી હતી. ઉત્કૃષ્ટ સંગઠનાત્મક સામર્થ્ય અને મનોવિજ્ઞાનમાં ઉડી આંતરસૂઝ હોવાના કારણે તેઓ ઈજીજી ના અગ્રણી પ્રચારક તરીકે ખ્યાતિ પામ્યા અને તેમણે ગુજરાતમાં જુદા જુદા સામાજિક-રાજકીય આંદોલનમાં એક મહત્વની ભૂમિકા નિભાવી હતી. પોતે કિશોરાવસ્થાના દિવસોથી જ તેમણે ઘણી મુશ્કેલીઓ અને તકલીફોનો સામનો કર્યો હતો, પરંતુ તેમણે પોતાના વ્યકિતત્વની સંપૂર્ણ શકિત અને સાહસ દ્વારા દરેક પડકારોને તકમાં ફેરવી નાખ્યા. તેમનો રસ્તો કઠીન સંઘર્ષ અને કષ્ટદાયક પરિશ્રમથી ઘેરાયેલો હતો. પરંતુ જીવનની લડાઈમાં તેઓ હંમેશા એક યોધ્ધા, એક સાચા સેનાપતિ રહયાં છે. એકવાર પોતાનું પગલું ઉપાડયા બાદ તેમણે કદી પાછળ વળીને નથી જોયું. તેમણે હાર માનવાનું કે પરાજિત થવાનું કયારેય સ્વીકાર્યુ નથી.આર.એસ.એસ.માં પોતાના કાર્યકાળ દરમ્યાન નરેન્દ્ર મોદીજીએ ૧૯૭૪ ના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન અને ૧૯ મહિના (જુન ૧૯૭૫ થી માર્ચ ૧૯૭૭) જેટલા લાંબા સમયની કટોકટી દ્વારા જયારે ભારતીય નાગરીકોના મૂળભૂત અધિકારોનું ગળુ ઘોટી દેવામાં આવ્યું હતું, એવી ઘટનાઓ સમયે મહત્વપૂર્ણ ભૂમિકાઓ નિભાવી હતી. મોદીજીએ આ સમયગાળા દરમિયાન ભૂગર્ભમાં રહીને ગુપ્ત રીતે કેન્દ્ર સરકારની ફાસીવાદી પધ્ધતિની વિરૂધ્ધમાં જોશપૂર્ણ લડાઈ લડીને લોકશાહીની ભાવનાને જીવંત રાખી હતી. તેમણે ભાજપના માધ્યમથી રાજકારણની મુખ્યધારામાં પ્રવેશ કરી. એક જ વર્ષની અંદર, ગુજરાત એકમના મહામંત્રીના પદ પર તેમની વરણી થઈ. ત્યાર સુધીમાં તેઓએ એક અત્યંત કુશળ સંગઠક હોવાની નામના પ્રાપ્ત કરી લીધી હતી. તેમણે સાચા અર્થમાં પાર્ટી કાર્યકરોને સક્રિય કરવાના પડકારરૂપ કામનું બીડું ઉઠાવ્યું. પછીનો તેમનો મુખ્યમંત્રી તરીકે યશસ્વીકાળ તો સૌ જાણે જ છે.તેમના પ્રધાનમંત્રી તરીકેના નેતૃત્વ હેઠળ આજે ભારતમાં શિક્ષણ, કૃષિ અને આરોગ્ય સેવા, સંરક્ષણ, વિદેશ નીતિ સહિત અનેક ક્ષેત્રોમાં મોટું પરીવર્તન જોવા મળી રહયું છે.

# બસ કંડકટર માંથી.ગીતકાર બનેલા હસ્રત જયપુરી

૧૯૪૦ મા હસરત જયપુરી મુંબઈ આવ્યા શરૂઆતમા માસીક ૧૧ રૂપિયા પગારવાલી બસ કંડક્ટરની નોકરી સ્વીકારી.દિવસે નોકરી રાતે હસરત મુશાયરામા પણ ભાગ લેતા હતા એક વખતે પાપા પૃથ્વીરાજ કપૂરે હસરતને સાંભળ્યા.પ્રભાવિત થયા પોતાના પુત્ર રાજકપુરને હસરતની ભલામણ કરી.




હસરત જયપુરીનો જન્મદિવસ ૧૧ એપ્રિલ ૧૯૨૨ ના રોજ જયપુરમા થયો હતો હસરત જયપુરીનું મૂળ નામ ઈકબાલહુસેન છે

હસરતે રાજકપુરની બરસાત માટે ગીત લખ્યું × જીયા બેકરાર હે × આ ગીત પછી હિટ ગીતોનો સિલસિલો શરૂ થયો.હસરતના ગીતો તમને તરત જ મોઢે ચઢી જાય એવા છે

૧૯૬૬ મા આવેલી ટી પ્રકાશ રાવની ફિલ્મ સુરજ ફિલ્મના ગીત ×બહારો ફૂલ બરસાઓ × ગીતને ત્રણ ત્રણ ફિલ્મફેર એવોર્ડ મળ્યા હતા સર્વશ્રેષ્ઠ ગીતકાર હસરત જયપુરી સર્વશ્રેસઠ સંગીતકાર શંકર જયકિશન અને અવાજ માટે મોહમ્મદ રફી સાહેબને સર્વ શ્રેષ્ઠ ગાયકી માટે એવોર્ડ મળ્યા હતા આ ગીત આજે ૨૦૨૩ મા પણ લગ્નના વરઘોડામા અચૂક વાગે છે

હસરતે ૩૫૦ થી વધુ ફિલ્મોમા બે હજારથી વધુ ગીતો લખ્યા છે

હસરતના લોકપ્રિય ગીતોની યાદી ખુબ લાંબી છે ટુકમાં જોઈએ

તુમને પુકારા હમ ચલે આયે
તુમ મુજે યુ ભુલા ના પાઓંગે
યે મેરા પ્રેમપત્ર પઢકર.
દોસ્ત દોસ્ત ના રહા
જીયા બેકરાર હે
જીંદગી એક સફર હે સુહાના
આજકલ તેરે મેરે પ્યાર કે ચર્ચે હે હર જબાન પે
તેરી પ્યારી પ્યારી સુરત કો
અહેસાન તેરા હોગા મુજ પર.
અજી રૂઠકર કહા જાઓગે

હસરતની સક્રિય કારકિર્દી ૧૯૪૯ ની બરસાતથી લઈ ૨૦૦૪ ની હત્યા ૨૦૦૪ સુધી વિસ્તરેલી છે ૧૯૫૧ મા હસરતે હલચલ ફિલ્મની પટકથા પણ લખી હતી

# ચાણસ્મા ખાતે બટાલીયન ફોર્સ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ



ચાણસ્મા પોલિસ સ્ટેશન વિસ્તારની અંદર આજ રોજ ચાણસ્મા ખાતે આવેલ સરદાર ચોકથી મુખ્ય બજાર સહિત હાઈવે ચાર રસ્તા સુધી ૧૦૦ બટાલીયન દ્રુત કાર્યબળ દ્વારા વિવિધ વિસ્તારોમાં ચાણસ્મા પોલિસ સ્ટાફને સાથે રાખી ફ્લેગ માર્ચ યોજી હતી.

ટૂંક સમયમાં લોકસભાની ચૂંટણી જાહેર થવાના ભણકાર વાગી રહ્યા છે. ત્યારે સંવેદનશીલ તેમજ અતિસંવેદનશીલ વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવો ન બને તેના હેતુથી ફ્લેગ માર્ચ યોજાઈ હતી. જેમાં બટાલીયન તેમજ ચાણસ્મા પોલિસના સ્ટાફ દ્વારા સહાયક કમાન્ડેડ રવિકુમાર રમેશચંદ્ર ના માર્ગદર્શન હેઠળ આપાતકાલીન પરિસ્થિતિ દરમિયાન કેવી રીતે બચાવ કામગીરી કરવી તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રિપોર્ટર - નિખિલ જોષી પાટણ બ્યુરો



સાંસ્કૃતિક સેલ ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ દ્વારા આપણા લોકલાડીલા વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૭૩માં જન્મદિવસની અનોખી અને અર્થપૂર્ણ ઉજવણી કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ રચિત "આંખ આ ધન્ય છે" થી પ્રેરિત રાજ્યસ્તરની ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંથી આજરોજ શ્રેષ્ઠ ૭૩ ચિત્રોની પ્રદર્શની ઋછઋ આર્ટ ગેલેરી, સેટેલાઈટ ખાતે પ્રદેશ ભાજપના મહામંત્રીશ્રી રજનીકાંતભાઈ પટેલ હસ્તે ઉદઘાટન કરી જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રદર્શન ૧૫,૧૬ , ૧૭ સપ્ટેમ્બર સવારે ૧૧ થી સાંજે ૭ સુધી રહેશે. ૧૭મી તારીખે સમારોપ કાર્યક્રમમાં ૭૩ વિજેતાઓને પ્રમાણપત્ર તથા શ્રેષ્ઠ ૯ વિજેતાઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે કર્ણાવતી મહાનગર ભાજપના અધ્યક્ષશ્રી અમિતભાઈ પી શાહ, અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદશ્રી કિરીટભાઈ સોલંકી, માનનીય મેયરશ્રી પ્રતિભાબેન જૈન , સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી દેવાંગભાઈ દાણી, શાસક પક્ષના નેતાશ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ , સ્થાનિક ધારાસભ્યશ્રી અમિતભાઈ ઠાકર, પૂર્વ પ્રદેશ મહામંત્રીશ્રી કે સી પટેલ, પૂર્વ પ્રવક્તાશ્રી ભરત ભાઈ પંડ્યા સાંસ્કૃતિક સેલના કન્વીનર તથા સહ કન્વીનરશ્રી, સાંસ્કૃતિક સેલના શ્રી અરવિંદભાઈ વેગડા સહીત હોદેદારો તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ડાંગ જિલ્લા આહવા ખાતે યોજાઈ જિલ્લા સંકલન સમિતિની બેઠક



ડાંગ જિલ્લામા આગામી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોને ધ્યાને લઈ, સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓને પરસ્પર સંકલન, અને સહયોગ સાથે કાર્યક્રમ આયોજન, અમલીકરણ અંગેની માર્ગદર્શિકા મુજબ કામગીરી કરવાનું આહવાન ડાંગ કલેકટર શ્રી મહેશ પટેલે કર્યું છે.જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકને સંબોધતા કલેકટર શ્રી પટેલે જિલ્લામા પોષણ માસ, સ્વચ્છતા માસ, કળશ યાત્રા, આયુષ્યમાન ભવ, રોજગાર મેળા જેવા ફ્લેગશીપ કાર્યક્રમો, વરસાદની સ્થિતિ વિગેરે બાબતે પણ ઉપયોગી માર્ગદર્શન પૂરુ પાડ્યુ હતુ.

ડાંગ જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી જિલ્લા સંકલન સમિતિની બેઠકમા, સમિતિના નિયમિત મુદ્દાઓ એવા સરકારી લેણાની બાકી વસુલાત, પડતર તુમાર, પેંશન કેસ, માહિતી અધિકાર અધિનિયમ, નાગરિક અધિકાર પત્ર, સ્વચ્છતા મિશન અંતર્ગત કંડમ વાહનો અને રદ્દી પસ્તી નિકાલ, જિલ્લાના જુદા જુદા વિભાગો વચ્ચેના પ્રશ્નો, પંચાયત ઈન્ડેક્સ, સરકારી વાહનોના નિકાલની કાર્યપદ્ધતિ વિગેરેની સૂક્ષ્મ સમીક્ષા હાથ ધરી, જિલ્લા અધિકારીઓને માર્ગદર્શન આપ્યુ હતુ.દરમિયાન 'પોષણ માસ' ને અનુલક્ષીને જિલ્લા અધિકારીઓએ 'પોષણ શપથ' ગ્રહણ કરી સ્વસ્થ ભારતના ઘડતરની આહલેક જગાડી હતી.

જિલ્લાના જુદા જુદા વિભાગોની અમલી વિવિધ યોજનાઓ, તેના અમલીકરણની કાર્યપ્રણાલી, લાભાર્થીઓની પાત્રતા જેવી જરૂરી જાણકારીથી જિલ્લાના દરેક વિભાગો પરસ્પર અવગત થાય, અને છેવાડાના લાભાર્થીઓ સુધી આવી બાબતો સુપેરે પહોંચી શકે તે માટે કલેકટર શ્રી મહેશ પટેલે, વિશેષ વર્કશોપ/સેમિનારના આયોજનની અપીલ કરી હતી.

બેઠકમા નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારી, પ્રાયોજના વહીવટદાર શ્રી રાજ સુથાર, નાયબ પોલીસ અધિક્ષક શ્રી પી.જી.પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી શિવાજી તબિયાર, પ્રાંત અધિકારી શ્રી ચૌધરી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી હિમાંશુ ગામીત, કાર્યપાલક ઈજનેરો સર્વશ્રી એસ.આર.પટેલ, આર.બી.ચૌધરી, હેમંત ઢીમ્મર વિગેરેએ ચર્ચામા ભાગ લીધો હતો. બેઠકનું સંચાલન ઈન્ચાર્જ નિવાસી અધિક કલેકટર શ્રી એસ.બી.તબિયારે કર્યું હતું.





.જીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થાના માધ્યમથી શ્રી નિલેશભાઈ જાની અમદાવાદ શહેરમાં છેલ્લા ત્રણ વર્ષથી ગોતા, સુભાસબ્રીજ, દૂધેશ્વર અને ઈન્કમટેકસ મુકામે જીવન પ્રસાદ ઘ ચલાવી રહ્યા છે. જ્યાં જરૂરિયાત વાળી ભૂખી વ્યક્તિઆઓને ભોજન પ્રસાદ સ્વરૂપે પિરસાય છે. જ્યાં નિત્ય બે હજારથી પણ વધુ લોકોની ભૂ શાંત થાય છે. તથા ૩૦ થી પણ વધુ જરૂરિયાત વાળી બહેનોને રોજગારી મળે છે. હવે આ સેવા શ્રી નિલેશભાઈ જાનીએ આજ રોજ તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૩ ને શનિવારના રોજથી ગાંધીનગરમાં સેક્ટર ૬ મુકામે આઈઓસીએલ પેટ્રોલ પંપ સામે, અપાના બજાર ની બાજુમાં, ઘ રોડ મુકામે શરૂ કરી છે. જેમાં માત્ર નજીવી ટોકન રકમથી જરૂરિયાત વાળી ભૂખી વ્યક્તિ ભોજન લઈ શકાશે. સાથે પાર્સલ પણ કરી આપે છે અને આપ ટિફિન લઈને જાવતો ટિફિન પણ ભરી આપે છે.

# સુરત ખાતે પરમ પુજ્ય શ્રી માડી દ્વારા દીકરીઓની શાસ્ત્રોકત મંત્રોચ્ચાર સાથે પુજા વિધી કરાઈ



અત્યારના સમયમાં ગુજરાત સરકાર દ્વારા નારીશક્તિને લગતા વિવિધ અભિયાનો યોજી સમાજની મહિલાઓને આગળ લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે વધુ એક સમાજમાં બેસે તેવો દાખલો સુરત ખાતે બિરાજમાન મહામાયા મા મેલડીના ઉપાસક (ખારીઘારીયાલ) વાળા શક્તિ પીઠાધિશ્વર પરમ સદગુરુ દેવશ્રી શ્રી ૧૦૦૮ પુજ્ય માડી શ્રી દ્વારા ૧૫૧ દીકરીઓના પગ ધોઈ તેમના માતાપિતા જોડે પુજન કરાવ્યું હતું.

અત્યારના જમાનામાં વિવિધ પ્રકારની દષ્ટિવાળા લોકો વસવાટ કરે છે. જેમાંથી અમુક લોકો દિકરીઓને સાપનો ભારો, તેમજ દીકરી તો માથાનો બોઝ તેમજ સ્ત્રી ભ્રુણ હત્યા રોકવા સહીત કડવા વેણ પણ સંભળાવતા હોય છે. ત્યારે આવા દષ્ટિવાળા લોકોને મગજમાં દાખલો બેસે તેમજ નારીશક્તિ ખરા અર્થમાં શું છે તેના ભાગરૂપે સુરત ખાતે બિરાજમાન મહામાયા મા મેલડીના ઉપાસક સદગુરુ દેવશ્રી શ્રી ૧૦૦૮ પુજ્ય માડી શ્રી દ્વારા સુરત ખાતે પવિત્ર શ્રાવણ માસની અમાસના દિવસે પરમ પુજ્ય માડી શ્રીના માર્ગદર્શન હેઠળ બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે ૧૫૧ દિકરીઓની તેમના માતાપિતા દ્વારા પુજા વિધી કરવામાં આવી હતી. તેમજ પુજ્ય માડી શ્રી દ્વારા દરેક દિકરીઓને કંકુના ચાંલ્લા કરી લાલ ચુંદડી ઓઢાડી ડ્રેસ તેમજ ૧૦ રૂપિયાની ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે પુજ્ય માડી શ્રી દ્વારા જણાવ્યું હતું કે આજના આપણા સમાજમાં દિકરીઓના હીતમાં સારો સંદેશો જાય તેમજ દિકરીઓ નવદુર્ગા નું સ્વરૂપ છે ,તેમજ જો દીકરી જ નહોત તો આપણે પણ ક્યાંથી હોત તેમ તેમણે જણાવ્યુ હતું.

**રિપોર્ટર નિખિલ જોષી પાટણ બ્યુરો**

# સિધ્ધપુર બિંદુ સરોવર ખાતે આવેલ સ્વયંભૂ સિદ્ધેશ્વર દાદાને અલૌકિક શણગાર



દેવોની નગરી સિદ્ધપુરમાં સ્વયંભૂ પાંચ મહાદેવ આવેલા છે જેમાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ લાભ લઈ રહ્યા છે તે પૈકી બિંદુ સરોવર ખાતે આવેલ સિદ્ધેશ્વર મહાદેવના મંદિરમાં સમગ્ર અધિક માસ અને શ્રાવણ માસ દરમિયાન દાદાને અલૌકિક શણગાર કરવામાં આવ્યો હતો. આજે શ્રાવણ વદ અમાસના દિવસે ફૂલોનો શણગાર અન્નકૂટ તેમજ મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો.

# ચાણસ્માના ધીણોજ ( રેલ્વે પુરા) સહીત પી.એમ. પોષણ અંતર્ગત તીથી ભોજન આપવામાં આવ્યું



પાટણ ક્લેક્ટરશ્રી મહેસુલી અધિકારીઓ સાથેની બેઠકમાં પ્રાથમીક શાળાના બાળકોને પોષણ યુક્ત વાનગી મળી રહે તેવા હેતુથી તીથી ભોજન આપવાની સુચના અપાઈ હતી. જેના અનુસંધાને ચાણસ્મા મામલતદાર કચરીનો સ્ટાફ તેમજ વિવિધ દાતાઓ દ્વારા ધો.૧ થી ૬ તેમજ ૬ થી ૮ના પ્રાથમિક શાળાના બાળકોને તિથી ભોજન આપવામાં આવ્યુ હતું.

અન્નદાન એ જ મહાદાન ઉક્તિ અનુસાર ગુજરાત ભરના સેવાભાવી દાતાઓ તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા વિવિધ હોસ્પિટલો ,શાળાઓ, સહિત ગરીબી નીચે જીવતા લોકોને રાશન કીટો આપવા સહીત સેવાકીય પ્રવૃતિઓ કરતા હોય છે. ત્યારે પાટણ ક્લેક્ટરશ્રીની સુચના મુજબ ચાણસ્મા મામલતદાર કચેરીનો મામલતદારશ્રી સહીત સ્ટાફ તેમજ વિવિધ સેવાભાવી દાતાઓ દ્વારા ચાણસ્મા તાલુકાના ૮૦ જેટલા મધ્યાન ભોજન કેન્દ્રોમાં બાળકોને તીથી ભોજન આપવામાં આવ્યુઉ હતુ. તેમજ ચાણસ્માના ધીણોજ (રેલ્વે પુરા) પ્રાથમીક શાળામાં ચાણસ્મા તાલુકા પંચાયતના પૂર્વ અધ્યક્ષ બાબુલાલ પટેલ દ્વારા શાળાના બાળકોને પુરી.શાક દાળભાત મિષ્ટાન તેમજ બાળકોને રમવા માટે રમકડા સહીત તીથી ભોજન મામલતદારશ્રી ભગવતીબેન ચાવડા તેમજ તાલુકા પંચાયતના પૂર્વ અધ્યક્ષ બાબુલાલ પટેલ દ્વારા આપવામાં આવ્યુ હતુ.

**રિપોર્ટર- નિખિલ જોષી પાટણ બ્યુરો**





પ્રોજેક્ટ ચેર હરીશ ચંદારાણા, પ્રેસિડેન્ટ રશ્મિકાંત સંઘવી, સોનલ ચંદારાણા ના પ્રયાસ થી રોટરી ક્લબ ઓફ બોરીવલી દ્વારા ગોખલે હાઈસ્કૂલ, શિમ્પોલી, બોરીવલી ના મરાઠી અને અંગ્રેજી બંને માધ્યમના ધોરણ ૧૦ ના ૭૫ વિદ્યાર્થીઓ માટે એક પ્રેરણાત્મક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રેરક વક્તા શ્રી ગૌરાંગ શુક્લાએ વિદ્યાર્થીઓ ને તેમની અભ્યાસની ટેકનીકો અને બોર્ડ માટેની તેમની તૈયારીઓનું સરળ ભાષા મા સમજ આપી હતી. પ્રમુખ રશ્મીકાંત સંઘવીએ વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક ક્ષેત્રે શુભેચ્છા પાઠવી હતી અને વક્તા શ્રી ગૌરાંગ શુક્લા , આચાર્ય ગાવત અને હરીશ ચાંદરાણાને અભિનંદન અને ધન્યવાદ આપ્યાં હતાં. સેમિનારમાં ફર્સ્ટ લેડી આશા સંઘવી, રોટેરિયન સંદીપ અવસ્થી, મિસ હિરલ અને મિસ પૂર્ણિમા હાજર રહ્યાં હતા

# ગુજરાત ભાજપ પ્રદેશ મહાસચિવ તરીકે ઓબીસી ની નિમણુંક થશે

દિલ્હીના આર આરએસ કાર્યાલય ખાતે આરઆરએસ ના અગ્રણી પાસે થી મળેલી વિશ્વાસુ માહિતી મુજબ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના મહામંત્રી તરીકે એક બે દિવસમાં નિમણુંક કરવામાં આવશે ૧૯૮૮ થી ગુજરાત ભાજપ અને આરઆરએસ ના ખાસ પરિવાર ના ઓબીસી ના લોકપ્રિય નેતા ને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના મહામંત્રી તરીકે નિમણુંક કરવામાં આવશે આ અંગે આરઆરએસ કાર્યાલય થી સદર વયકતી ને સુચીત પણ કરી દેવામાં આવેલ છે. આગામી લોકસભા અને અન્ય રાજય ની વિધાનસભા ની ચુંટણી માં સદર ઓબીસી ચહેરો બક્ષીપંચ ની વિવિધ જાતિઓમાં લોકપ્રિયતા ધરાવે છે તેમજ રાષ્ટ્રીય તેમજ રાજય કક્ષાના અનેક સંગઠનો સાથે સંકળાયેલા છે. દેશ ના સૌથી બિન રાજકીય મોટા સંગઠન ના રાષ્ટ્રીય અદયક્ષ તરીકે અને પ્રવક્તા તરીકે પણ ફરજ બજાવી ચુક્યા છે આથી તેમની નિમણુંક થી આવનારી ચુંટણીઓ માં મોટો ફાયદો અંશે સદર ઓબીસી નેતા દિલ્હીના ભાજપ અને આરઆરએસ ના નેતાઓ સાથે ખાસ સંકળાયેલા છે. આ અંગે તેમની નિમણુંક કરવા સંઘ ના સહ કાર્યવાહક શ્રી ને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના પ્રદેશ પ્રમુખ માનનીય શ્રી સી.આર.પાટીલ સુચીત કરવા જણાવી પણ દેવામાં આવેલ છે તેમજ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર આર પાટીલ સિવાય પ્રદેશ કક્ષાએ તેમજ પ્રદેશ મોરચાઓ માં પણ મોટા ફેરફારો અંશે ભાજપ ના પત્રિકા કવિતા કાંડ, કેટલીક પક્ષ વિરોધી કામગીરી ની આર.આર.એસ. ના વડાએ નોધ લઈ નારાજગી વ્યકત કરી ગંભીર નોધ પણ લીધી છે.તેમને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના યશસ્વી પ્રદેશ પ્રમુખ માનનીય શ્રી સી આર આર પાટીલ ના નિર્ણયો કામગીરી ને યોગ્ય ઠેરવી તેમને પીઠબળ મળી રહે તેવી નિમણુંકો કરવાની સ્વતંત્રતા આપવા ભાજપ મોવડીમંડળ સાથે પણ ખાસ ચર્ચા વિચારણા કરવામાં આવશે

# વિવિધતાને એકતાના સૂત્રમાં વણી લેવાનું નામ 'હિન્દી' છેઃ શાહ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે 'હિન્દી દિવસ' નિમિત્તે પોતાના સંબોધનમાં કહ્યું કે ભારત વિવિધ ભાષાઓનો દેશ છે. વિશ્વની સૌથી મોટી લોકશાહીની ભાષાઓની વિવિધતાને એક સૂત્રમાં વણી લેવાનું નામ 'હિન્દી' છે.

ભારત એક એવો દેશ છે જ્યાં ભાષાઓ અને સંસ્કૃતિઓનો અજોડ સંગમ જોવા મળે છે. હિન્દીને લોકતાંત્રિક ભાષાનો દરજ્જો પણ મળી ચુક્યો છે. એ કહેવાની જરૂર નથી કે લોકોની ભાષા હિન્દીએ પૂર્વથી લઈને પશ્ચિમ અને ઉત્તરથી લઈને દક્ષિણ સુધી સમગ્ર દેશમાં આઝાદીની ચળવળ દરમિયાન લોકોને એક કરવાનું કામ કર્યું. આઝાદી પછી હિન્દીની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને જોઈને બંધારણના ઘડવૈયાઓએ ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ના રોજ હિન્દીને રાજભાષા તરીકે સ્વીકાર કરી હતી.

મોદીજીની દીર્ઘદ્રષ્ટિપૂર્ણ વિચારસરણી અને શાહના માર્ગદર્શન હેઠળ આજે તમામ ભારતીય ભાષાઓના માધ્યમથી ગરીબો તરફી યોજનાઓ અમલમાં મૂકીને ગરીબો અને વંચિતોના કલ્યાણનું કામ કરવામાં આવી રહ્યું છે. દેશમાં રાજભાષામાં થયેલા કામની સમયાંતરે સમીક્ષા માટે સંસદીય રાજભાષા સમિતિની રચના કરવામાં આવી હતી જેથી સરકારી કામકાજમાં હિન્દીના પ્રયોગમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી શકાય. ૨૦૧૪ સુધી, આ અહેવાલના માત્ર ૯ ખંડ જ સોંપવામાં આવ્યા હતા, પરંતુ શાહના કુશળ સંચાલન હેઠળ, માત્ર ૪ વર્ષમાં ૩ ખંડ પ્રસ્તુત કરવામાં આવી ચુકયા છે. ૨૦૧૯ થી, તમામ ૫૯ મંત્રાલયોમાં હિન્દી સલાહકાર સમિતિઓની રચના થઈ ચુકી છે.





આજે, દેશના વિવિધ વિસ્તારોમાં રાજભાષાના પ્રયોગને વધારવાના હેતુથી, અત્યાર સુધી કુલ ૫૨૮ નગર રાજભાષા અમલીકરણ સમિતિઓની રચના પણ કરવામાં આવી છે. લંડન, સિંગાપોર, ફિજી, દુબઈ અને પોર્ટ-લુઈસમાં પણ નગર રાજભાષા અમલીકરણ સમિતિઓની રચના કરવામાં આવી છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં હિન્દી ભાષાના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે પણ પહેલ કરી છે. રાજભાષાને તકનીક અનુસાર વિકસાવવા માટે, સ્મૃતિ આધારિત અનુવાદ પ્રણાલી 'કંઠસ્થ'નું નિર્માણ અને 'હિન્દી શબ્દ સિંધુ' શબ્દકોશ બનાવવામાં આવ્યો છે. કુલ ૯૦ હજાર શબ્દોની એક 'ઈ-મહાશબ્દકોશ' મોબાઈલ એપ અને લગભગ ૯ હજાર વાક્યોનો 'ઈ-સરલ' વાક્યકોષ પણ તૈયાર કરવામાં આવ્યો છે.

'નિજ ભાષા ઉન્નતિ અહૈ, સબ ઉન્નતિ કો મૂલ. બિન નિજ ભાષા-જ્ઞાન કે, મિટત ન હિય કો સૂલ' નું ઉદાહરણ આપતા શાહે સ્પષ્ટતા કરી કે, 'પોતાની ભાષાની પ્રગતિ એ તમામ પ્રકારની પ્રગતિનું મૂળ છે. તમામ ભારતીય ભાષાઓ અને બોલીઓ દેશનો સાંસ્કૃતિક વારસો છે. હિન્દીની કોઈ ભારતીય ભાષા સાથે ક્યારેય કોઈ સ્પર્ધા ન હતી અને ન ક્યારેય થઈ શકે છે. સશક્ત ભારતના નિર્માણ માટે તમામ ભાષાઓને સશક્ત કરવાની જરૂર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે ભારતીય ભાષાઓને દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના મંચો પર યોગ્ય સન્માન મળી રહ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.